## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ... તમારા ફુડ અને ડ્રગ વિભાગવાળાએ આ બરફનું સેમ્પલ લેવાની જરૂર નથી... આ બરફ તો લોકો ઓવરહેડ ટાંકીના ગરમ પાણીમાં નાખી નહાવા લાયક કરવા લઇ જાય છે...!!

# સે-૨૬ જીઆઈડીસીમાં અસંખ્ય ઘરફોડને અંજામ આપનાર મામા-ભાણેજ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સૅક્ટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં સ્થિત ફૅક્ટરીમાં વારંવાર ઘરફોડ કરી સંખ્યાબંધ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોની ઉઠાંતરી કરનાર મામા-ભાણેજને ઍલસીબીની ટીમે સૅક્ટર-૨૪ના શાક માર્કેટ વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા અને રૂા. ૩.૪૩ લાખના ઈલેક્ટ્રોનિક્સ ઉપકરમો સાથે રૂા. ૫.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બંને વિરુદ્ધ સૅક્ટર-૨૧ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેની વધુ તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લામાં બનતા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે ઍલસીબી ટીમના પીઍસઆઈ વી યુ ગડરીયાને સૂચના આપી હતી. ત્યારે ગત રોજ ઍલસીબી ટીમના પીઍસઈ અને અન્ય પોલીસ કર્મી કરણસિંહ, સંદિપકુમાર, જયવિરસિંહ, કિરીટકુમાર, દિગ્વિજયસિંહ, યજુવેન્દ્રસિંહ અને યુવરાજસિંહ વગેરે સેક્ટર-૨૪ના શાક માર્કેટ પાસેના વિસ્તારમાં

### પોલીસે મામા-ભાણેજની ગેંગ પાસેથી ૩,૪૩,૧૦૦ના ઈલેક્ટ્રોનિક સામાનનો મુદ્દામાલ જપ્ત કર્યો

પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમ્યાન શાક માર્કેટ પાસે ઊભેલી જીપ નં. જીજે-૧-એચઆર-૫૪૯૫ શંકાસ્પદ જણાણાં તેની તપાસ કરતાં સંખ્યાબંધ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો મળી આવ્યા હતા અને જીપમાં બેઠેલા અનિલસિંહ મહિપતસિંહ સોલંકી તથા મોહનસિંહ ઉદેસિંહ ઝાલા (બંને રહે સૅ. ૨૬ જીઆઈડીસી, જોગણી માતાના મંદિર પાછળ, ગાંધીનગર)ની પૂછપરછ કરતાં મુદ્દામાલના માલિકી બાબતે સંતોષકારક જવાબ ન મળતાં ઍલસીબી ઑફિસ લાવી વધુ પૂછપરછ કરી હતી જેમાં સૅક્ટર-૨૬ જીઆઈડીસી સેઝની ડીકોર નેનોસેમી કન્ડકટર કંપનીનો પાછળનો દરવાજો ખોલી છેલ્લા છ માસના સમયગાળા દરમ્યાન જુદા-જુદા સમયે ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીઓની જીપમાંથી ખુલ ૪ એલસીડી મોનિટર, ૧૪ લેપટોપ, ૩ સીપીયુ, એક પ્રોજેક્ટર, પાવર સ્ટેબીલાઈઝર, ૩ કમ્પ્યુટર કી બોર્ડ તતા મોબાઈલ ફોન તેમજ કમ્પ્યુટર્સને લગતા સામાન મળી કુલ ૩.૪૩.૧૦૦નો ઈલેક્ટ્રોનિક સામાન અને રૂા. ૨.૫૦.૦૦ની જીપ મળી કુલ ૫.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને બંને આરોપી વિરુદ્ધ સૅક્ટર-૨૧ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેની વધુ તપાસ સૅક્ટર-૨૧ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે રજાના દિવસે પણ ગ્રામવિકાસની યોજનાઓના અસરકારક અમલીકરણ માટે જિલ્લા વિકાસ અધિકારીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકો અને પંચસ્તંભના સૂત્રધારોની સમીક્ષા બેઠક ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે મળી હતી.

● સ્માર્ટ વિલેજ યોજનાના લૉંચીંગમાં પંચાયતના પદાધિકારીઓને આમંત્રણથી બાકાત રખાયા હતા.

● આજે ઠંડા પવનની લહેરખીઓ ગરમીમાં ભારે રાહત આપી હતી.

● ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી બાદ આજે જિલ્લા કલેક્ટર કચેરીમાં નવનિયુક્ત કલેક્ટર સતીષ પટેલના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક મળી હતી.

● કુપોષણ મુક્ત ગુજરાત અભિયાનના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના આરોગ્ય તંત્રએ બે દિવસના સેમિનારને અંતે જિલ્લામાં અભિયાન અંગેનો રોડમેપ તૈયાર કરી દીધો છે.

## ભારતીય યોગ સંસ્થાન દ્વારા સે-૨માં શ્વાસ રોગ નિવારણ શિબિર યોજાશે

ગાંધીનગર તા ૨૨

જીઓ ઓર જીને દો ... ના અભિગમ સાથે ભારતીય યોગ સંસ્થાન દ્વારા નગરજનોને યોગ સાધના તરફ વાળવા અને તંદુરસ્ત જીવન શૈલીની દિશા ચિંધવાના ઉમદા આશય સાથે આગામી તા ૨૪ થી ૨૮ મેં દરમિયાન શ્વાસ રોગ નિવારણ શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના સે-૨ ના બગીચામાં સવારે ૫:૩૦ થી ૬:૪૫ કલાક દરમિયાન આ શિબિર યોજવામાં આવશે. યોગ દ્વારા શ્વાસરોગનુ નિવારણ કરી શકાય છે.

ભારતીય યોગ સંસ્થાન દ્વારા યોગ દ્વારા શ્વાસ રોગ ઉપચારની શિબિરો સમગ્ર દેશમાં યોજવામાં આવનાર છે. ત્યારે ગાંધીનગરમાં પણ આ પાંચ દિવસની શિબિર દરમિયાન શ્વાસની લંબાઈ ગહેરાઈ વધારવાની સાચી પધ્ધતિ શીખવવામાં આવશે.

આ ઉપરાંત શ્વસનતંત્રના રોગો જેવા કે શરદી ઝુકામ,ઉધરસ, દમા બ્રોન્કાઈટીસ, ન્યુમોનિયા ફેફસા તેમજ ટી બી સહીતની બિમારીઓનો યોગ દ્વારા કઈ રીતે ઉપચાર થાય તે અંગેની વૈજ્ઞાનિક ઢબે સમજણ પુરી પાડવામાં આવશે. નગરજનોને આ શિબિરનો લાભ લેવા જણાંવાયુ છે.

## કાળઝાળ ગરમીમાં પ્રજાના પાણી માટે વલખાં સામે ભાજપ દ્વારા ઉજવણીના તાયફા

ગાંધીનગર, તા૨૨

કેન્દ્ર અને ગુજરાત રાજ્યમાં બે વર્ષના શાસનકાળની ઉજવણી કરી રહેલું ભાજપ કાળઝાળ ગરમીમાં પાણી માટે વલખાં મારી રહેલી પ્રજા ઉપર અટ્ટહાસ્ય કરતું હોય તેવું લાગી રહ્યું છે. વાસ્તવમાં ભાજપના શાસનકાળ દરમિયાન એકપણ યોજના મધ્યમ અને જરૂરિયાતમંદ લોકો માટે પરિણામલક્ષી બની નથી ત્યારે ભાજપને વિકાસના નામે આવા ઉત્સવ કે ઉજવણીના તાયફાઓ બંધ કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું કે, ભાજપ દ્વારા કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનાં શાસનને બે વર્ષ પૂરા થતાં વિકાસના નામે ઉત્સવ અને યાત્રાઓ સાથે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાજપે ખૂદે પણ કબુલ્યું છે કે સરકારની યોજનાઓ સામાન્ય માનવી સુધી પહોંચી નથી. આમ, વાસ્તવિક્તા એવી છે કે, શિક્ષણ, આરોગ્ય કે સામાજિક વિકાસ સહિતની વિવિધ યોજનાઓ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવ્યું હોવા છતાં તેનો જરૂરિયાતમંદ લોકોને કોઈ જ લાભ મળ્યો નથી. આ ઉપરાંત આ યોજનાઓના પ્રચાર - પ્રસાર પાછળ કરોડો રૂપિયા વેડફી નાખવા છતાં મોટાભાગની યોજનાઓ પરિણામલક્ષી બની નથી. સ્માર્ટ વિલેજ કે કૃષિ યોજનાઓની પોકળ અને ભ્રામક જાહેરાતો કરવામાં આવે છે. પરંતુ ગુજરાતના લગભગ તમામ ગામડાઓ અને ગરીબ ખેડૂતોની હાલત આજે ખૂબ જ દયનીય બનેલી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો પછી ભાજપ હરખાઈ ગયો છે પરંતુ પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસ પછી ત્રીજા નંબરે રહેલો ભાજપ પોતાના ઘોર પરાજય ઉપર ઢાંકપીછોડો કરવા માટે વિવિધ રાજ્યોમાં ખાતું ખોલાવ્યાની બાબતને પણ અચ્છે દિન માની રહી છે. પરીણામે વિકાસના નામે ગુજરાત જેવા રાજ્યમાં ભાજપના આતંરકલહને દબાવી દેવાના પ્રયાસરૂપ ઉત્સવ - ઉજવણી, યાત્રાઓ અને જાહેરખબરો પાછળ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે. ગુજરાત રાજ્યમાં પાણીની અછત અને દુષ્કાળની પરિસ્થિતિ માટે કોર્ટે ટીકા કર્યા બાદ પણ નહીં સુધરેલા ભાજપ સરકારના વહીવટીતંત્ર દ્વારા આજદિન સુધી થોડા ઘણા ગામોમાં જ અર્ધઅછત હોવાનું ગાણું ગાવામાં આવતું હતું.

## માથા પર ભાર લઈને વિદ્યાર્થી ધાર્યું પરિણામ ન લાવી શકે

ગાંધીનગર, તા. ૨૨

'કેરિયરનું વર્ષ હોય ત્યારે વિદ્યાર્થીઓએ ટીવી અને વધારાના આરામનો ત્યાગ કરીને અભ્યાસમાં પૂરતું ધ્યાન રાખવું જોઈએ, તો ધારેલી સફળતા મળીને જ રહે છે. અલબત્ત, એનો મતલબ એ નથી કે ટૅન્શનમાં કે સ્ટ્રેસમાં આવીને કે હાથ ધોઈને માત્ર અભ્યાસની પાછળ પડી જવું જોઈએ, મેં એવું નથી કર્યું. પ્લાનીંગપૂર્વક પણ સતત અભ્યાસ કર્યો છે અને સાથે મારો શોખ પણ સાચવ્યો છે, જેના પ્રતાપે ભણવાનો ભાર મારા માથા પર અનુભવાયો નથી ને હું હળવાશથી ભણી પણ શકી છું ને પરીક્ષા પણ આપી શકી છું. એ જ કારણ છે કે મને આ પરિણામ મળ્યું છે.'



આ શબ્દો છે સીબીઍસસી, ધોરણ-૧૨માં ૯૪.૫ ટકા ને હિલવૂડ્સ સ્કૂલમાં દ્વિતિય સ્થાન મેળવનારી ગાંધીનગરની તેજસ્વી દીકરી ઉર્વિ ઝાલાના. આકાશ ઈન્સ્ટીટ્યુટમાં તેણે ટ્યુશન કર્યાં હતાં. બારમા ધોરણની શરૂઆતથી જ સ્કૂલ ને ટ્યુશન ઉપરાંત બે કલાક આયોજનપૂર્વક અભ્યાસ કરવો ને હળવા રહેવું એ તેની સફળતાનું રહસ્ય છે. આ રહસ્યને તેના માતા-પિતા પણ સમર્થન આપે છે. તેમના કહેવા પ્રમાણે 'માથા પર ભાર લઈને વિદ્યાર્થી ધાર્યું પરિણામ ન લાવી શકે. અમે અમારી દીકરીને ક્યારેય ભણવા માટે ભાર નથી આપ્યો, એણે જાતે જ આયોજન કરીને આ પરિણામ પ્રાપ્ત કર્યું છે.'

ઉર્વિના પિતા મહેશસિંહ ઝાલા અને માતા પારૂલબા બંને તબિબ છે. ડૉ. મહેશસિંહ ઝાલા ચિલોડામાં ક્રિશ્ના હૉસ્પિટલ ચલાવે છે અને પારૂલબા ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં પોતાની સેવાઓ આપી રહ્યાં છે.

અભ્યાસ ઉપરાંત નવલકથાઓ વાંચવી અને બૅડમિંટન રમવું એ ઉર્વિના રસના વિષયો છે. બૅડમિંટમનમાં તો એ નૅશનલ કક્ષા સુધી રમી આવી છે, પણ દસમા ધોરણમાં આવ્યા પછી સ્વેચ્છાએ તેણે બૅડમિંટનની રમત અટકાવી. અલબત્ત, નવલકથા વાંચવાનું તેણે બંધ નહોતું કર્યું કે નથી કર્યું. બારમા ધોરણના અભ્યાસ ટાણેય નવલકથા તો એના હાથમાં હોય જ. અભ્યાસ ઉપરાંતના પોતાના ફ્રી સમયમાં ઉર્વિના હાથમાં નવલકથા જ જોવા મળે એટલી એ વાચનની શોખીન.

ઉર્વિના માતા-પિતા અને ખુદ ઉર્વિને પણ પોતાનું પરિણામ આ કક્ષાનું આવશે એવો વિશ્વાસ હતો જે પરિપૂર્ણ થયો છે ને એનાથી આખોય પરિવાર ખુશ છે. ઉર્વિ સૅક્ટર-૧૯માં પોતાના પરિવાર અને દાદા-દાદી સાથે રહે છે. આખાય પરિવારમાં ઉર્વિના આ ઉજ્જવળ પરિણામથી ખુશીનો માહોલ છે.

ઉચ્ચ અભ્યાસ વિશે પૂછતાં ઉર્વિએ પોતાની કેરિયર બાયો ટૅકનોલૉજીમાં બનાવવાની ને રિસર્ચના ક્ષેત્રમાં આગળ વધવાની મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરી છે. અલબત્ત, આ ક્ષેત્ર પશ્ચિમના દેશો જેટલું અહીં વિકસ્યું નથી એ બાબતથી પોતે સારી પેઠે અવગત છે, પરંતુ તેમ છતાં આ ક્ષેત્રમાં આગળ વધવા કૃતનિશ્ચયી છે. તેના માતા-પિતા પણ દીકરીને જે ક્ષેત્રમાં આગળ વધવું હોય તે ક્ષેત્રમાં આગળ વધવા દેવામાં ખુશ છે. પોતાની કેરિયરની સાથે ઉર્વિ દેશમાં રહે કે પરદેશ જાય, પરંતુ આગામી વર્ષોમાં તેના માધ્યમથી એક નવી બાયો-ટૅકનોલૉજીસ્ટ આપણને મળશે એ નિશ્ચિત છે. ઉર્વિને શુભકામનાઓ.

## સે-૨૪ બૌધ્ધવિહાર ખાતે વિશ્વ ગુરૂ ભગવાન બુધ્ધની જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

બુધ્ધ પુર્ણિમા ૨૫૬૦ નિમિત્તે ગાંધીનગરના સેકટર-૨૪ ખાતે આવેલ બૌધ્ધવિહારમાં વિશ્વ ગુરુ ભગવાન બુધ્ધની જન્મ જયંતિની ઉજવણી કરાઈ હતી. જેમાં વંદના, ધર્મગીતો અને ધાર્મિક પ્રવચનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કરૂણા સર્કલ, સે-૨૪થી ધમ્મયાત્રા સેકટરોમાં નીકાળવામાં આવી હતી. જેનું દરેક સેકટરોના વસાહતીઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. બપોરે ૧૧.૩૦ કલાકે ધમ્મયાત્રા વિહાર ખાતે પરત ફરી હતી ત્યારે ઉપાસકોને ખીરદાન આપવામાં આવ્યું હતું.

# મોદીના ૧,૧૦,૪૯૬ અને 'બહેન'ના ૧૭,૫૨૦ કલાક 'ગતિશીલ' શાસનમાં ક્યા કુછ ખોયા, ક્યા પાયા !

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે સત્તાના ૧૭,૫૨૦ કલાક પૂરા કર્યા છે, એટલે કે ૧૦,૫૧,૨૦૦ મિનીટ સુધી કામ કર્યું છે. સચિવાલયની ચેમ્બરમાં ૩૦ ટકા, આઉટસાઈડમાં ૪૦ ટકા અને ૩૦ ટકા સમય ઘરમાં વિતાવ્યો છે. ૨૨મી મે ૨૦૧૪ના રોજ સત્તાનશીન થયેલા આનંદીબહેન પટેલ હજી ૨૦૧૭ની ચૂંટણી સુધી રાજ કરશે, ત્યારબાદ તેઓ સ્વેચ્છાએ પોતાનું ચીફ મિનિસ્ટર પદ છોડશે અને નવા ચહેરાને તક આપશે. આ શબ્દો ખુદ તેમણે જ કહેલા છે.

**● ચીફ મિનિસ્ટરના પોઝિટીવ પાસા**

આનંદીબહેનના બે વર્ષનું સરવૈયુ જોઈએ તો સૌથી મોટી ઉપલબ્ધી મહિલાઓ માટેની ૮૦૦થી વધુ યોજનાઓ છે. સચિવાલયમાં સરકારી ફાઈલોનો ઝડપી નિકાલ છે. ઈઝી અવેલેબલ ચીફ મિનિસ્ટર છે. મુલાકાતીની વાતને ધ્યાનથી સાંભળીને તેમના પ્રશ્નનો ઉકેલ લાવે છે. જિલ્લા અને તાલુકાનો પ્રવાસ કરીને લોકોની વચ્ચે રહે છે. કહેવાય છે કે આનંદીબહેન પટેલે બે વર્ષમાં ૧.૫૮ કિલોમીટરનો પ્રવાસ કર્યો છે. બે વર્ષમાં તેમણે વિક્રમસર્જક ૧૦૮૪ કાર્યક્રમો કર્યા છે અને તેમના કાર્યાલયમાં ૨૮૫૦૦ લોકોને રૂબરૂ મળ્યા છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તેમજ ૧૦ ટકા આર્થિક પછાત સવર્ણી માટે અનામતની જાહેરાત તેમના મહત્વના પાસા છે.

### નરેન્દ્ર મોદી સૌથી વધુ ૧,૧૦,૪૯૬ કલાક ગુજરાતના CM તરીકે રહ્યા

**● ચીફ મિનિસ્ટરના નેગેટીવ પાસા**

તેમના નેગેટીવ પાસાની પણ ભરમાર છે. આનંદીબહેનના શાસનમાં એવો ચાર્મ નથી કે જે મોદીના શાસનમાં હતો. પાટીદાર આંદોલન ચૂંટણી સુધી તેમને પજવી શકે છે. ગ્રામ્ય વિસ્તારમાં ગુમાવેલો જનાધાર પાછો મેળવવો સૌથી મોટો પડકાર છે. શાસન ચલાવવા મજબૂત રાજકીય સલાહકાર નથી. સચિવાલયના વિભાગો અને અધિકારીઓ વચ્ચે સંકલનનો અભાવ છે. જિલ્લાકક્ષાએ વ્યાપેલા ભ્રષ્ટાચાર સંદર્ભે તેઓ આકરા થઈ શકતા નથી. ખાસ કરીને મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગમાં કામના બદલામાં દામની જે પ્રેક્ટિસ થઈ રહી છે તેનાથી અજાણ છે અથવા તો નજરઅંદાજ કરે છે. કેબિનેટના પ્રધાનો વચ્ચે સંકલન નથી. અધિકારીઓ અને પ્રધાનો તેમની મુનસૂફી પર સરકારી કામકાજ કરે છે. સરકારમાં કંઈ નવું કરવું હોય, વહીવટી બદલીઓ કરવી હોય અથવા તો કોઈ મહત્વનો નિર્ણય લેવો હોય તો હાઈકમાન્ડને પહેલાં જાણ કરવી પડે છે.

**● મોદી ગુજરાતમાં ૬૬,૨૯,૭૬૦ મિનીટ CM રહ્યાં છે**

આનંદીબહેનના પુરોગામી ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ૧મી ઓક્ટોબર ૨૦૦૧ થી ૧૬મી મે ૨૦૧૪ સુધી શાસન કર્યું છે. તેમણે શાસનના વિક્રમી ૪૬૦૪ દિવસ પૂર્ણ કરી હવે તેઓ ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા છે. મોદીએ ગુજરાત ઉપર ૧,૧૦,૪૯૬ કલાક એટલે કે ૬૬,૨૯,૭૬૦ મિનીટ સુધી કામ કર્યુ છે. આનંદીબહેન પટેલને બાદ કરતાં ૧૯૬૦ થી અત્યાર સુધી ગુજરાતમાં શાસન કરી ચૂકેલા ૧૪ ચીફ મિનિસ્ટર પૈકી માત્ર ત્રણ ચીફ મિનિસ્ટર હિતેન્દ્ર દેસાઈ, માધવસિંહ સોલંકી અને નરેન્દ્ર મોદીએ પાંચ વર્ષ પૂરાં કર્યા છે.

**● પહેલા CM જીવરાજ મહેતા ૧૨૩૮ દિવસ રહ્યાં...**

ટાઇમ લાઇન

- ગૌતમ પુરોહિત

ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા હતા. તેઓએ ૧લી મે ૧૯૬૦ના દિવસે ચાર્જ સંભાળ્યો હતો. તેમણે ૧૨૩૮ દિવસ સુધી ગુજરાતની જનતાની સેવા કરી છે. તેમના પછી આવેલા બળવંતરાય મહેતાએ ૭૩૩ દિવસ અને હિતેન્દ્ર દેસાઈએ ૨૦૬૨ દિવસ સુધી શાસન કર્યુ છે. આ સમયે કોંગ્રેસ પાટીનો દબદબો હતો. ઘનશ્યામ ઓઝાએ ૪૮૮ દિવસ અને ચીમનભાઈ પટેલે ૨૦૭ દિવસ સત્તા ભોગવી છે. બિન કોંગ્રેસી સરકાર ૧૮ જૂન ૧૯૭૫માં રચાઈ હતી અને તેમાં બાબુભાઈ જસભાઈ પટેલ મુખ્યમંત્રી હતા. તેમણે ગુજરાતની જનતા પર ૨૧૧ દિવસનું શાસન કર્યુ હતું. એ પછી કોંગ્રેસની સરકાર રચાઈ હતી અને ૨૪ ડિસેમ્બર ૧૯૭૬માં માધવસિંહ સોલંકીના હાથમાં સત્તા આવી હતી. તેમણે ૧૦૮ દિવસ શાસન કર્યુ હતું.

### ૨૬ વર્ષના વનવાસ પછી કોંગ્રેસ માટે ૨૦૧૭ની ચૂંટણી 'છોટી સી આશા'

**● કોંગ્રેસની પૂર્ણ સરકાર ૧૯૮૫-૧૯૯૦માં હતી...**

માધવસિંહ સોલંકી પછી મુખ્યમંત્રી બનેલા બાબુભાઈ જસભાઈ પટેલે ૧૦૪૨ દિવસની સત્તા ભોગવી હતી. રાષ્ટ્રપતિશાસન પછી ગુજરાતમાં ફરી કોંગ્રેસની સરકાર બની અને મુખ્યમંત્રીપદે માધવસિંહ સોલંકી ફરી આવ્યા અને તેમણે ૧૮૫૬ દિવસ સુધી સત્તા ભોગવી હતી. અમરસિંહ ચૌધરી ૧૬૧૮ દિવસ સુધી સત્તામાં રહ્યા હતા અને ત્યારપછી ફરી માધવસિંહ સોલંકીને મૂકવામાં આવ્યા અને તેમણે ૮૫ દિવસ શાસન કર્યું. ફરી પાછી જનતાદળ અને ભાજપની મિલીઝૂલી સરકાર બની અને ચીમનભાઈ પટેલ ૪થી માર્ચ ૧૯૯૦માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. તેમણે ૧૪૪૫ દિવસ સુધી શાસન કર્યુ હતું. તેમના અવસાનથી ખાલી પડેલી જગ્યાએ કોંગ્રેસના હાઈકમાન્ડે છબીલદાસ મહેતાને મુખ્યમંત્રી બનાવ્યા અને તેમણે ૩૯૧ દિવસ રાજ કર્યુ હતું. કોંગ્રેસની આ છેલ્લા સરકાર હતી.

### સૌથી ઓછી ૧૨૮ દિવસની સત્તા રાજપાના દિલીપ પરીખે ભોગવી છે

**● ૧૯૯૫માં પરિવર્તન થયું અને ત્યાર થી ભાજપ છે...**

સત્તા પરિવર્તન ૧૯૯૫માં થયું અને ભાજપનો કેસરી ધ્વજ લહેરાયો. ભાજપના પ્રથમ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે કમાન હાથમાં લીધી અને ૨૨૧ દિવસના શાસન પછી પાટીમાં બળવો થતાં તેમને સત્તા છોડવી પડી હતી. વચગાળાના મુખ્યમંત્રી તરીકે સુરેશ મહેતાને મૂકવામાં આવ્યા અને તેમણે સત્તાના ૩૩૪ દિવસ પૂરાં કર્યા ત્યાં તો શંકરસિંહ વાઘેલાએ ફરીથી બળવો કર્યો અને તેઓ મુખ્યમંત્રી બની ગયા.

શંકરસિંહનો ટેન્યોર ૩૭૦ દિવસનો રહ્યો. કોંગ્રેસ ટેકો પાછો ખેંચવાની ધમકી આપતાં શંકરસિંહે તેમની ખુરશીમાં દિલીપ પરીખને બેસાડી દીધા અને દિલીપ પરીખ ૧૨૮ દિવસ પૂરાં કર્યા ત્યાં તો શંકરસિંહે વિધાનસભા ભંગ કરી દીધી.

**● ભાજપની બીજી ઇનિંગ્સ ૧૯૯૮માં આવી...**

ભાજપને ૧૯૯૮ની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમત મળતાં કેશુભાઈ પટેલે ફરી સત્તા હાંસલ કરી. ૪થઈ માર્ચ ૧૯૯૮માં કેશુભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને તેમણે શાસનના ૧૩૧૨ દિવસો પૂરાં કર્યા. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ભાજપની હાર, જાન્યુઆરી ૨૦૦૧નો ભૂકંપ અને માધવપુરા બેન્ક ગોટાળાના કારણે કેશુભાઈને ખુરશી પરથી ઉતારી દેવામાં આવ્યા અને તેમના સ્થાને નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવી હતી. મજાની બાબત એવી છે કે જેમણે કેશુભાઈને ખુરશી પરથી ઉતારીને નરેન્દ્ર મોદીની વરણી કરાવી તે ભાજપના સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણી આજે મોદી શાસનમાં સાઈડટ્રેક થઈ ચૂકેલા નેતા છે.

**● મોદી ગુજરાતમાં એક રેકોર્ડ તોડી ન શક્યા...**

નરેન્દ્ર મોદીએ ૭મી ઓક્ટોબર ૨૦૦૧માં સત્તાના સૂત્રો સંભાળ્યા અને તેમણે મે ૨૦૧૪ સુધી શાસન કર્યુ છે, ત્યારપછી તેઓ નવી દિલ્હીના સુપ્રિમ શાસનમાં જતા રહ્યાં, સાથે સાથે ગુજરાતના મુખ્યમંત્રીના પ્રબળ દાવેદાર અમિત શાહને દિલ્હી લેતા ગયા. ગુજરાતમાં સૌથી વધુ સત્તા પર રહેવાનો માધવસિંહ સોલંકીનો રેકોર્ડ હતો. તેમણે કુલ ૨૦૪૯ દિવસ સુધી શાસન કર્યુ છે, જ્યારે ચીમનભાઈ પટેલે ૧૬૫૨, બાબુભાઈ જસભાઈ પટેલે ૧૨૫૩ અને કેશુભાઈ પટેલે ૧૫૩૩ દિવસ શાસન કર્યુ છે. મોદીએ સૌથી વધુ દિવસો સુધી શાસન કરવાનો માધવસિંહનો રેકોર્ડ તોડ્યો હતો પરંતુ તેઓ માધવસિંહે વિધાનસભામાં મેળવેલી ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી શક્યા નથી. હા તેઓ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ૨૬ માંથી ૨૬ બેઠકો મેળવવાનો રેકોર્ડ સજી શક્યા છે.

**● ૨૬ વર્ષનો વનવાસ :૨૦૧૭- છોટી સી આશા !...**

ગુજરાતમાં આમ જોઈએ તો કોંગ્રેસ ૧૯૯૦ પછી સત્તામાં નથી. એટલે કે ગુજરાતમાંથી સત્તા ગુમાવ્યા પછી આજે ૨૬ વર્ષ થયાં છે. આ ૨૬ વર્ષમાં ભાજપે એકલા હાથે ૨૧ વર્ષ શાસન કર્યુ છે. ૨૦૧૭માં જ્યારે વિધાનસભાની ચૂંટણી આવશે ત્યારે ગુજરાતમાં ભાજપનું શાસન બીજા એક વર્ષનું થશે. એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરની તીવ્ર શક્યતા છતાં કોંગ્રેસનું સંગઠન માળખું વેરવિખેર હોવાથી કોંગ્રેસ માટે અચ્છે દિન...ની શંકા છે. કોંગ્રેસનો આંતરકલહ અને સત્તાવાર ઉમેદવારને હરાવવાની હોડ પાટીને સત્તાથી દૂર લઈ જઈ રહી છે. ૨૦૧૭માં કોંગ્રેસ માટે આશા છે, પરિસ્થિતિ સાનુકૂળ છે. ખાસ તો ભાજપમાં માઈક્રો સર્જરી કરનારા નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગુજરાતથી દૂર છે, પરંતુ છેલ્લી ઘડીએ મેદાનમાં આવીને તેઓ કોંગ્રેસની બાજી બગાડી શકે છે.